# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/146 Dt. 19/09/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

**ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પ્લેટિનમ હોલમાં 'અડોપ્ટિંગ નેક્સ્ટ જનરેશન, નેક્સ્ટ પ્રેક્ટિસ'ની થીમ પર આયોજિત બે દિવસીય 'ટેકનો ટોક કન્વેન્શન ૨૦૨૫'ની શરૂઆત**

**NICDC Logistics Data Services ના એડવાઇઝર મેજર જનરલ શ્રી શમશેર સિંહ અહલાવત (Retd,.), ONDC, ભારત સરકારના સપ્લાય ચેઇન એન્ડ લોજિસ્ટીકસના વાઇસ પ્રેસિડેન્ટ મીસ મેઘા બંસલ, મેટલ એન્ડ પ્રિશિયસ સ્ટોકસના ચીફ ટેકનોલોજી આર્કિટેકટ શ્રી મિનેશ મોહિલે અને કોમ્પ્રીન્નો ટેકનોલોજીસના સીઇઓ શ્રી પ્રસાદ પુરાણિકે સુરતના એમએસએમઇ ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો, પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓને વિવિધ વિષયો પર વિસ્તૃત જાણકારી આપી**

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ૧૯ અને ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકથી પ્લેટિનમ હોલ, એસઆઇઈસીસી કેમ્પસ, સરસાણા, સુરત ખાતે 'અડોપ્ટિંગ નેક્સ્ટ જનરેશન, નેક્સ્ટ પ્રેક્ટિસ'ની થીમ પર 'ટેકનો ટોક કન્વેન્શન ૨૦૨૫' યોજાયું છે, જેમાં NICDC Logistics Data Services ના એડવાઇઝર મેજર જનરલ શ્રી શમશેર સિંહ અહલાવત (Retd,.) મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, વૈશ્વિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માર્કેટ વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧ ટ્રિલિયન ડોલરથી વધુ થવાની સંભાવના છે. માત્ર ભારત જ વર્ષ ૨૦૩૫ સુધીમાં ૫૦૦ બિલિયન ડોલરથી વધુનું યોગદાન પોતાના જીડીપીમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા કરશે એવી ધારણા છે. ભારતની

ડિજિટલ અર્થવ્યવસ્થા પણ ઝડપથી આગળ વધી રહી છે અને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧ ટ્રિલિયન ડોલર સુધી પહોંચશે. ONDC અને ULIP જેવી પહેલો MSMEs અને સ્ટાર્ટ–અપ્સને મજબૂત બનાવશે.

કલાઉડ કમ્પ્યુટિંગ માર્કેટ ભારતમાં વર્ષ ૨૦૨૭ સુધીમાં ૧૭.૮ બિલિયન ડોલર સુધી પહોંચવાની ધારણા છે, જે નાના બિઝનેસને પણ વૈશ્વિક સ્તરે વિકાસ કરવાની તક આપશે. મેન્યુફેકચરિંગ ક્ષેત્રમાં ઇન્ડસ્ટ્રી ૪.૦ ટેકનોલોજી અપનાવવાથી વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતીય ફેકટરીઓની ઉત્પાદકતા ૨૫% સુધી વધવાની શકયતા છે. આજના ઇન્ડસ્ટ્રી ૪.૦ યુગમાં એમએસએમઇ ઉદ્યોગ સાહસિકો, સ્ટાર્ટ–અપ્સ અને ટ્રેડીશનલ ઇન્ડસ્ટ્રીઝને 'બેસ્ટ પ્રેકટીસિસ'થી આગળ વધીને 'નેકસ્ટ પ્રેકટીસિસ' અપનાવવાની જરૂર છે.

કન્વેન્શનના મુખ્ય અતિથિ NICDC Logistics Data Services ના એડવાઇઝર મેજર જનરલ શ્રી શમશેર સિંહ અહલાવત (Retd,.)એ NICDC ના ULIP (યુનિફાઈડ લોજિસ્ટિકસ ઈન્ટરફેસ પ્લેટફોર્મ) એન્ડ LDB (લોજિસ્ટિકસ ડેટા બેન્ક) વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, દર મહિને લગભગ ૫૦ લાખ કન્ટેનર્સ LDB પોર્ટલ પર શોધવામાં આવે છે. તેમજ ૧૬ ટર્મિનલ્સમાં ઘરેલુ અને કાંઠાના કન્ટેનર્સ માટે NICDC દ્વારા વિસ્તૃત સેવાઓ આપવામાં આવે છે, તેથી ભારતના ૧૦૦ ટકા એકઝીમ કન્ટેનર્સનું ટ્રેકીગ (કુલ કન્ટેનર વોલ્યુમના ૯૦ ટકા) કરી શકાય છે.

ULIP પી.એમ. ગતિ શક્તિ હેઠળની એક મુખ્ય પહેલ, જે માનનીય વડાપ્રધાન દ્વારા રાષ્ટ્રીય લોજિસ્ટિકસ નીતિ (NLP) હેઠળ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ શરૂ કરવામાં આવી હતી. જેમાં લોજિસ્ટિકસના તમામ મોડ (જળમાર્ગ, એર, રેલ, રોડ) ULIP હેઠળ આવરી લેવાયેલા છે જેમ કે, કન્ટેનરાઇઝડ, બ્રેક બલ્ક વગેરેનો સમાવેશ એમાં થાય છે. વધુમાં તેમણે પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રકચર ફોર લોજિસ્ટીકસ વિષે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને માર્ગદર્શન આપ્યું હતું. સપ્લાય ચેઇન અને લોજિસ્ટીકસ ઇકો સિસ્ટમના ડિજીટલાઇઝેશન વિષે પણ વિસ્તૃત સમજણ આપી હતી.

ONDC, ભારત સરકારના સપ્લાય ચેઇન એન્ડ લોજિસ્ટીકસના વાઇસ પ્રેસિડેન્ટ મીસ મેઘા બંસલે ડિજિટલ કોમર્સ ઇકો સિસ્ટમ્સ વિષે માહિતી આપતા જણાવ્યું હતું કે, 'ભારતમાં ઈ–કોમર્સ પર વેચાણ કરતા લોકોની સંખ્યા ખૂબ જ ઓછી છે. સમગ્ર ભારતમાં ડિજીટલ કોમર્સ થકી ખરીદી માત્ર પાંચથી છ ટકા થાય છે, જ્યારે બે ટકા કરતા પણ ઓછા એમએસએમઇ ઉદ્યોગકારો પોતાના પ્રોડકટનું ઓનલાઈન વેચાણ કરે છે. ONDC એ એક ઓપન નેટવર્ક છે, જે ઈ–કોમર્સ માટે પ્લેટફોર્મ–સેન્ટ્રિક મોડલને બદલે નેટવર્ક આધારિત મોડલ રજૂ કરે છે. આજ સુધીમાં એમેઝોન, ફ્લિપકાર્ટ જેવા મોટા પ્લેટફોર્મ પર જ ખરીદી–વેચાણ થતું હતું, પરંતુ ONDC દ્વારા કોઈપણ વેચનાર, ખરીદદાર અને સર્વિસ પ્રોવાઈડર એક જ નેટવર્કમાં જોડાઈ શકે છે.

મેટલ એન્ડ પ્રિશિયસ સ્ટોકસના ચીફ ટેકનોલોજી આર્કિટેકટ શ્રી મિનેશ મોહિલે સપ્લાય ચેઇનથી રિસ્પોન્સિવ ચેઇન તરફની યાત્રા અને ઉદ્યોગોમાં ઝડપી એજિલિટીનું મહત્વ સમજાવ્યું હતું. કોમ્પ્રીન્નો ટેકનોલોજીસના સીઇઓ શ્રી પ્રસાદ પુરાણિક સુક્ષ્મ, લઘુ ઉદ્યોગથી મોટા ઉદ્યોગ માટે કલાઉડ ઇન્ફ્રાસ્ટ્રકચરના મહત્વ અને ડિજિટલાઇઝેશનના નવા માર્ગ અંગે માહિતી આપી હતી.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી બશીર મન્સુરીએ કન્કલુડીંગ રિમાકર્સ આપ્યા હતા. ચેમ્બરની આઇટી એન્ડ કોમ્યુનિકેશન્સ

કમિટીના એડવાઇઝર શ્રી હરેશ કલકત્તાવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. કમિટીના ચેરમેન શ્રી પુનિત ગજેરાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

શનિવાર, તા. ૨૦ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦:૦૦ કલાકથી માઇક્રોસોફટના ટેક સેલ્સ એન્ડ પાર્ટનર સીટીઓના ડિરેકટર શ્રી સંજીવ શર્મા નેકસ્ટ જનરેશન ટેકનોલોજી માટે એઆઇ ડ્રિવન બિઝનેસ ટ્રાન્સફોર્મેશન વિષે સંબોધન કરશે. આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઇન્ડિયાના મીસ રેણુકા કુલકર્ણી મેન્યુફેકચરીંગ યુનિટમાં ઇન્ડસ્ટ્રીયલ ઓટોમેશન દ્વારા નેકસ્ટ જનરેશન ટેકનોલોજી અપનાવવાનું મહત્વ સમજાવશે.

ટ્રેઝિકસના ચીફ ડિલીવરી ઓફિસર શ્રી ચંદ્રશેખર વેલગાપુડી ટેકનોલોજી પ્રોજેકટસની સફળતા માટે ઉદ્યોગ સાહસિકોને પ્રોએકટીવ ગવર્નન્સ મેઝર્સ અંગે જાણકારી આપશે. SAP ઇન્ડિયાના ડિરેકટર શ્રી સંજય કે.વી. એન્ટરપ્રાઇઝ સોલ્યુશન્સ દ્વારા ફાયનાન્સ એન્ડ લોજિસ્ટીકસના નેકસ્ટ લેવલ ગ્રોથ વિષે માહિતી આપશે. જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના ટેકનોલોજીના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી સંજય ચવાણ લાર્જ કોર્પોરેશન્સમાં ડિજિટલ ટ્રાન્સફોર્મેશન કેવી રીતે થતી હોય છે તે અંગે સમજણ આપશે.